UNITED INTERNATIONAL ✞ **AMERICAN CHRISTIAN NEWS**

GUJAJARATI CHRISTIAN SOCIETY ✞ **અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ**

NEW YORK & NEW JERSEY ✞ **FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN**

Phone # (732) 855-0596 ╫ email:jospausa@yahoo.com ✞ **EDITOR: JOSEPH PARMAR**

*(A NOT-FOR-PROFIT ORGANIZATION)* ✞ ISSUE–103 YEAR–33, September-October-2012



**તંત્રીની કલમે આ પત્ર...** અમેરિકા અને દુનિયાના ઈતિહાસમાં સપ્ટેમ્બર ૧૧નો દિવસ "માનવ કલંક" તરીકે યાદ કરી શકાય! માનવ હત્યા અને કરોડોની સંપત્તિ નષ્ટ થવા સાથે દુનિયાના અનેક દેશોની વિકાસયાત્રા ધીમી પડ્યા સાથે સામાન્ય પરિવારને 'બજેટ' પરેશાન કરે છે. વિશ્વનો એકેએક દેશ એ ગોઝારા દિવસના પરિણામે વિકાસ માટે ઝઝૂમી રહ્યો છે. એ દિવસને ભૂલ્યા વિના અમેરિકા મક્કમતાથી વિકાસકૂચ ચાલુ રાખવા પ્રયત્નશીલ છે. એ ગોઝારા દિવસે જેઓએ પોતાનાં જીવનો ગુમાવ્યાં છે, તેઓને માટે અને તેમનાં પરિવારજનો માટે પ્રાર્થના કરીએ! વિશ્વમાં શાંતિ જળવાય તે માટે પ્રાર્થના કરીએ!

'સ્પોન્સર' કરનાર અને નવા આવેલાં 'ઈમિગ્રાન્ટ' સગાં વચ્ચે ગેરસમજ અને અમેરિકામાં 'સેટ' થવાની મથામણમાં પરસ્પરના મીઠા સંબંધોમાં કડવાશ વધતી જાય, તે યોગ્ય નથી. **શરૂઆતના છ મહિના 'નવા ઈમિગ્રાન્ટ' માટે કટોકટીભર્યા હોય છે.** નવો દેશ, ભાષાની મુશ્કેલી, ધાર્યા મુજબની જોબ ન મળે, ઓશિયાળા થઈ ગયા જેવું લાગે, 'સ્પોન્સર' કરનાર મદદરૂપ થતા નથી તેમ લાગ્યા કરે, અહીં કરતાં 'દેશ'માં સારું હતું તેવા વિચારો આવ્યા કરે! અને આ બરાબર નથી. 'નવા ઈમિગ્રાન્ટે' જે કોઈ કામ-ધંધો-નોકરી મળે તે સ્વીકારી લેવી, તે અમેરિકામાં 'ઉત્તમ' આરંભ છે. ઈન્ડિયામાં ડોક્ટર તરીકે ધૂમ કમાતા, પોતાનું વિશાળ દવાખાનુ ધરાવતા ડોક્ટરો, અમેરિકામાં 'નવા ઈમિગ્રાન્ટ' તરીકે સ્ટોરોમાં 'હેલ્પર'-પરચુરણ કામ કરતા, સ્ટોરમાં 'વેક્યુમ' કરતા અને 'ફ્રીઝ'માં સોડા ગોઠવતા જોયા છે. ઈન્ડિયાની યુનિવર્સીટીમાં ઈંગ્લીશનાં 'ડીન' એવાં મહિલા વેરહાઉસમાં 8-10 ધોરણ ભણેલી ગુજરાતી 'સુપરવાઈઝર' બેનના હાથ નીચે સામાન્ય 'વર્કર'તરીકે બોક્ષમાં ચીજવસ્તુ ગોઠવતાં હોવાના દાખલા છે. પણ... આ કમાણી કરવા માટેની ફક્ત શરૂઆત છે. 'ગ્રીનકાર્ડ' અને "સોશિયલ સીક્યોરીટી કાર્ડ" મળી ગયા બાદ કોઈપણ 'જોબ' શરૂ કરી દેવી જોઈએ અને બે કે ત્રણ મહિનાની આવક પછી ભાડેથી 'એપાર્ટમેન્ટ' રાખી લેવું જોઈએ. અથવા તો જો 'સ્પોન્સર' કરનારને વાંધો ન હોય તો 'નવા ઈમિગ્રાન્ટે' દર મહિને $500.00 કે વધુ ખાધા-ખોરાકી તરીકે "સ્પોન્સરકર્તા"ને આપવાની સમજૂતિ કરીને ચાર-છ મહિના સાથે રહેવાની વચગાળાની વ્યવસ્થા કરી શકાય! આથી સંબંધો સચવાશે અને તે સમય દરમિયાન વધુ સારી 'જોબ' અને સ્વતંત્ર એપાર્ટમેન્ટ ભાડે રાખવાનું શક્ય બનશે.

એક ખાસ હકીકત પ્રત્યે "નવા ઈમિગ્રાન્ટ"નું ધ્યાન જતું નથી! "સ્પોન્સર" કરનારે ૧૦-૧૨ વર્ષ પહેલાં I-130 Form ભરીને, ડોલરમાં ફી ચૂકવીને, સગાંનાં અને પોતાનાં જરૂરી ડોક્યુમેન્ટ સગાઈના પૂરાવા મુજબ 'સબમીટ' કરીને સગાંને-લોહીનાં સગાંને અમેરિકામાં કાયદેસર બોલાવવા માટે 'પીટીશન' કરી હોય છે. 'પીટીશન' કર્યાનાં ૧૦-૧૨ વર્ષો પછી 'વીઝા કોલ' નીકળતાં 'સ્પોન્સરશીપ' પેપરો મોકલીને 'નવા ઈમિગ્રાન્ટ'ને અમેરિકામાં સંપૂર્ણ 'સપોર્ટ' કરવાની બાંહેધરીના આધારે 'નવા ઈમિગ્રાન્ટ'ને અમેરિકામાં કાયદેસર "ગ્રીનકાર્ડ"ના હક સાથે પ્રવેશ મળે છે. **"સ્પોન્સર" કરનારનો ઈરાદો નેક હોય છે.** છતાં 'પીટીશન' કર્યા પછી ૧૦-૧૨ વર્ષોમાં 'હડસન' તથા 'સાબરમતી' કે 'નર્મદા નદી'માં ઘણાં પાણી વહી ગયાં હોઈ છે. "સ્પોન્સર" કરનાર અને 'નવા ઈમિગ્રાન્ટ'ના સંબંધોમાં હળવા-ગંભીર પ્રશ્નોને કારણે સંબંધોમાં ઉષ્મા ઓછી થઈ પણ હોય. ઈન્ડિયામાં રહેતા-જેમને માટે 'પીટીશન' કરી હોય તેમની આર્થિક સ્થિતિ પીટીશન કરી તે સમય કરતાં હવે 'પીટીશનકર્તા' કરતાં પણ સારી કે બરાબરી કરી શકે તેવી થઈ હોય. "સ્પોન્સર" કરનાર કરતાં વધુ ભણેલા હોય.ગમે તેમ પણ કોઈને પણ દોષ દીધા વિના પરસ્પરના સંબંધો બગડવા જોઈએ નહીં.

સિક્કાની બીજી બાજુ પણ હોય છે. 'સ્પોન્સર કરનાર' ગણતરી માંડતા હોય કે, *'વર્ષો પહેલાં અમે અમેરિકામાં આવેલા ત્યારે 'સેટ' થવા ઘણી તકલીફો વેઠી છે.' 'કોઈ ઓળખીતું ના મળે'. 'કોઈની પણ મદદ નહિ', 'ઈન્ડિયા જેવી ગ્રોસરી-ઘઉંનો લોટ, શાકભાજી ના મળે', 'સારી નોકરી ના મળે', મળે ને ગમે ત્યારે છૂટી જાય, 'કલાકની 'સેલરી' અત્યારના કરતાં ત્રીજા ભાગ જેટલી-ઘણી ઓછી હતી,' ૧ડોલરના ફક્ત ૫-૬રૂપિયા હતા'. 'ધોળિયા' અને 'કાળીયા' પજવે'*, વગેરે જેવી મુશ્કેલીઓ તો 'નવા ઈમિગ્રાન્ટ'ને નથીને? એમને તો તૈયાર ભાણું મળી ગયું છે. ચાર છ મહિના અમારી સાથે રહેવાની સગવડ મળી ગઈ છે. અમારી સાથે રહેવાથી અમેરિકાના ઘણા અનુભવો મળશે, અમારી ઓળખાણનો પણ લાભ મળશે. હવે અમેરિકામાં આપણી-ગુજરાતની વસ્તી પણ સારી એવી વધી ગઈ છે. 'ગેટટુગેધર'ના ઘણા પ્રોગ્રામોમાં અમારી સાથે જવાનું મળે છે, નવી નવી ઓળખાણો થાય છે, વગેરે 'નવા ઈમિગ્રાન્ટ'ના લાભમાં છે, છતાં 'સ્પોન્સર કરનાર'ને દોષ દે છે, વગેરે જેવું 'સ્પોન્સરકર્તા'ને પણ લાગે!-*ક્રમશ:*

**પ્રભુ ધીરજ રાખે છે.** *–ઈલા જોબર્ટ ક્રિશ્ચિયન (Union City, NJ)*

આજનો માનવી અનેક પ્રશ્નોના વર્તુળમાં ઘેરાયેલો છે. નોકરીનો પ્રશ્ન છે, સામાજિક જીવનનો પ્રશ્ન છે બાળકોના ભવિષ્યનો પ્રશ્ન છે, આમ પ્રશ્નોનું વર્તુળ અનંત છે અને પરિધિ નાની છે. મનમાં મૂંઝવણ છે અને જીવનમાં શાંતિ અને ધીરજનો અભાવ છે. પરિણામે નિષ્ફળતા ઘેરી વળે છે. અને નિષ્ફળતા પલાયનવાદ તરફ દોરી જાય છે. આ બધા સંઘર્ષમાં નિરાશાને બદલે પોતાનું જીવન પરિશ્રમથી ઘડવામાં આવે, તેના પાયા મજબૂત કરવામાં આવે તો જીવનના પથ પર આવતા ઝંઝાવતમાં ધીરજથી આગળ વધવાનું બળ મળે. પ્રશ્નો તો ત્યાંના ત્યાં જ છે, તેને બદલી શકવાના નથી. લંડનમાં તાજેતરમાં જ 'ઓલમ્પિક ગેમ'માં માયકલ ફેલ્પ્સ જે રેગ્યુલર સ્કૂલમાં પણ જઈ શકતો નહોતો અને તેના તોફાનને શાંત રાખવા તેની બહેન તરવા જાય તો તેને હંમેશાં સાથે લઈ જતી. તેની સિંગલ માતા પોતાના દીકરા અંગે હંમેશાં ચિંતામાં રહેતી. આ પરિસ્થિતિમાં મા-દીકરીએ ધીરજથી તે છોકરાના જીવનને અને તોફાનને બીજી તરફ વાળ્યા અને તરવાની તાલિમ પ્રત્યે તેનો લગાવ કેળવ્યો. પરિણામે ૨૨ જેટલા 'મેડલો' સાથે એ તોફાની છોકરો વિશ્વનો પ્રથમ નંબરનો તરવૈયો બન્યો! આ સફળતા તેની માતાની પ્રાર્થના, બહેનની કાળજી અને ધીરજને આભારી હતી. જીવનમાં સતત સંઘર્ષ, હકારાત્મક વલણ, અને ધીરજ ધ્વારા પ્રશ્નોને હલ કરી માયકલને જીવનમાં વિજયની સિધ્ધિ અપાવી! જીવનમાં પડેલી તરાડો ભૂંસાઈ ગઈ, ધીમે ધીમે પરિવર્તનને જીવનમાં જીતનાં ઉચ્ચ શિખરો સર કર્યાં! ધીરજ કડવી છે, પણ તેનાં ફળ મીઠાં છે. દરેક કામનું ગૌરવ અને મહત્ત્વ છે. હિંમતથી કસોટીની એરણે ચઢશો તો પરિણામ આનંદમાં આવશે. દરેક કામ ઉત્તમ રીતે થાય તે માટે અથાગ મહેનત અને ધીરજથી કામ કરીશું તો ફળ સારાં જરૂર મળશે. ધીરજ રાખીને પ્રગતિ જાળવી રાખવી.

આજે વેદના અને સંવેદનાનો લોપ થઈ ગયો છે. પરિણામે તણાવ વધતો જાય છે. લેખક ગુણવંત શાહના શબ્દોમાં 'આપણે થીજી ગયેલી લાગણીઓના ખંડેર છીએ.' આજે સંવેદનાને સમજવા ઈસુના વધસ્તંભ ભણી નજર કરીએ. તેની કરૂણ વાણી, *'હે બાપ, તેઓને માફ કર!'* અને આગળ તેની સંવેદના મરતા ચોરને *'આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ.'* કાયમી અનંત જીવનના વસવાટનો ભોગવટો આપી દીધો! અમેરિકાનું જીવન સમય અને મહેનતનું ચૂસ્ત પાલન માગી લે છે. માનવને યંત્રવત નહિ, લયબધ્ધ બનાવી, અદભૂત લય અને રાગમાં રાખી, મગજને સતત કાર્યરત રાખી તણાવમાંથી મુક્ત થવા પ્રયત્ન કરે છે. જીવનના માર્ગમાં ફૂલો બીચાવેલાં નથી હોતાં-

ફૂલો સાથે રસ્તામાં પથરાયે કેટલાક કાંટાનો ધીરજથી સામનો કરતાં પ્રભુ શીખવે છે. સભાશિક્ષક કહે છે કે, મનુષ્યની બધી મહેનત તેના પેટને વાસ્તે છે. પણ તેની ક્ષુધા તૃપ્ત થતી નથી. ભૌતિક સુખોની શોધ એ યાતનાનો ભંડાર છે. પ્રભુ જ્યારે માર્થા-મરિયમ અને મિત્ર લાજરસને ત્યાં જતા, ત્યારે માર્થા કામગરી હોવાથી કામની ચિંતાના બોજથી રઘવાયી થઈ પ્રભુને ફરિયાદ કરતી. ત્યારે પ્રભુ ઉત્તર આપતા. માર્થા, મરિયમે સારો ભાગ પસંદ કર્યો છે. આજે આપણે અનેક ભાર અને બોજથી દબાઈ અને ઘેરાય ગયા છીએ. સંવેદના બુઠ્ઠી બની ગઈ છે, ત્યારે કાર્યને બોજ નહિ, ધ્યેય તરીકે અપનાવીશું અને ક્રોધ, રોષ, ઈર્ષા દૂર થશે ને માનસિક શાંતિ મળશે. ઈસુ તરફ લક્ષ્ય રાખીએ અને બોજથી મુક્ત બનીને ધીરજથી પ્રશ્નોના ઉકેલની રાહ જોઈએ.

લૂક 2:25-37માં શિમયોન નામે એક ધાર્મિક અને ન્યાયી માણસ ઈસ્રાએલના દિલાસાની વાટ જોતો હતો. અને આશેરના કુળની ફનુએલની દીકરી હાન્ના એક પ્રબોધક હતી. 84 વર્ષની વિધવા હતી. મંદિરમાંથી ન ખસતાં રાત-દિવસ પ્રાર્થના અને ઉપવાસ સહિત ભક્તિ કરતી હતી. બંનેનો કિંમતી સમય નકામો ગયો ન હતો. તેમણે જેઓના ઉધ્ધારની વાટ જોતા હતા તેમને ઈસુની વાત કરી. તારણ પ્રત્યક્ષ નીહાળ્યું. **તત્કાળ પ્રાર્થનાનો ઉત્તર મળતો નથી. તેથી પ્રાર્થના કરવાનું પડતું ન મૂકતાં ઈશ્વરના સમયની રાહ જોઈએ.** યશાયા 30:18 યહોવા ન્યાયનો દેવ છે. જેઓ તેની વાટ જુએ છે તેઓને ધન્ય છે. શિમયોન અને હાન્નાએ વૃધ્ધાવસ્થા સુધી ધીરજથી પ્રભુની વાટ જોઈ. 2 પીત્તર 3:9 વિલંબનો અર્થ કેટલાક લોકો જેવો કરે છે, તેમ પ્રભુ પોતાનાં વચન સંબંધી વિલંબ કરતો નથી. પણ કોઈનો નાશ ન થાય પણ સઘળા પશ્ચાતાપ કરે એવું ઈચ્છીને પ્રભુ સર્વ વિષે ધીરજ રાખે છે. આપણે શંકા કરીએ છીએ કે પ્રભુ જલ્દી ઉત્તર આપતો નથી, પણ પ્રભુ ધીરજથી લોકોના પાછા ફરવાની રાહ જુએ છે. નિરગમન 34:6 યહોવા દયાળુ તથા કૃપાળુ દેવ, મંદરોષી અને અનુગ્રહ અને સત્યથી ભરપૂર ધીરજ રાખે છે. આપણે જ્યારે બીજા સાથે ધીરજ રાખી શકતા નથી ત્યારે હંમેશાં યાદ રાખીએ કે, દેવ આપણા માટે કેટલી ધીરજ રાખી રહ્યો છે! હંમેશાં ઉતાવળ સારી નથી. હિંમતથી અને ધીરજથી પ્રાર્થીએ અને તેની સ્તુતિ કરી તેના ભણી ફરીએ, આજે પ્રભુ સંવેદનાપૂર્વક ધીરજથી આપણી રાહ જુએ છે!

**Here are six terrific truths about time:**

**First**: *Nobody can manage time*. But you can manage those things that take up your time.

**Second**: *Time is expensive*. As a matter of fact, 80% of our day is spent on those things or those people that only bring us 2% of our results.

**Third**: *Time is perishable*. It cannot be saved for later use.

**Fourth**: *Time is measurable*. Everybody has the same amount of time...pauper or king. It is not how much time you have; it is how much you use.

**Fifth**: *Time is irreplaceable*.

We never make back time once it is gone.

**Sixth**: *Time is a priority*. You have enough time for anything in the world, so long as it ranks high enough among your priorities. *(courtesy: "Simple Truth")*

**"શું તમે સ્વમહત્ત્વ શોધી રહ્યા છો?"**- *જોઈસી જોવેટ ક્રિશ્ચિયન, Union City, NJ*

નાનપણમાં વાંચેલી કે સાંભળેલી વાર્તાઓ ઘણી ઉત્તમ, બોધદાયી તથા સુંદર હોવા છતાં સ્મરણ બહાર જતી રહેતી હોય છે. અહીં એક સુંદર બોધ આપે એવી લઘુકથા રજૂ કરું છું.

એક વાર હાથની પાંચ આંગળીઓ વચ્ચે દલીલો શરૂ થઈ. અંગૂઠો કહે, *"હું તમ બધામાં સર્વોપરી છું. સહુથી વધુ કામમાં આવું છું. મારા વગર તમે ચારે આંગળીઓ શોભાના ગાંઠિયા સમાન બની રહો."* અંગૂઠાની બાજુની આંગળીથી ચૂપ બેસી શકાયું નહિ, તે કહે, *"મારો ઉપયોગ શિક્ષકો, ગુરુઓ તથા ધર્મના લોકો 'ચીંધવા' ધ્વારા વિશેષ કરે છે. લોકો મને આગળ કરી રસ્તો ચીંધે છે. ઘણીવાર ધમકી આપવા પણ મને આગળ કરે છે."* હવે ત્રીજી આંગળી એમ છાનીમાની બેસી રહે? એ તો આમેય બધી આંગળીઓથી કદમાં મોટી, ઉપરાંત વચ્ચોવચ્ચની આંગળી. એણે સ્વદલીલ રજૂ કરતાં કહ્યું, *"હું સૌથી લાંબી આંગળી છું. હું વચલી આંગળી છું. વચલું સ્થાન મહત્ત્વનું સ્થાન છે, માટે મારું મહત્ત્વ સૌથી વધુ."* ચોથી આંગળી ચૂપ કઈ રીતે રહે? કંઈક તો બોલવું જ પડે! ચોથી આંગળી કહે, *"હું સૌથી મહત્ત્વની આંગળી છું. દુનિયાના ઘણા લોકો લગ્નની વીંટી મારી પર પહેરાવે છે. પુરૂષ કે સ્ત્રી પરણિત છે, એ મારા પર પહેરાવેલી વીંટી પરથી કહી શકાય છે."* છેવટની આંગળી તો નાની. ન બોલે તો એના મનનું સત્ય ક્યાંથી જાણી શકાય? તેણે કહ્યું, *"જ્યારે વીંટી બીજી આંગળીઓ માટે નાની પડે ત્યારે જ લોકો ઝટ દઈને મને સમજાવી દે. બીજી આંગળીઓની જેમ મારો ઝાઝો ઉપયોગ કદાચ નથી, એ હકીકત છે. પણ હું માનું છું ત્યાં સુધી મારું એક આગવું મહત્ત્વ છે. લોકો જ્યારે હાથ જોડી ઈશ્વરસ્તુતિ કરે છે, અથવા લોકો એકમેકને 'નમસ્તે' કહી હાથ જોડે છે ત્યારે હું જ પ્રભુને તથા લોકોને પ્રથમ દેખાઉં છું. પ્રભ તેમજ માણસો સમક્ષ મારું સ્થાન પ્રથમ છે. હવે નક્કી કરો, કોનું મહત્ત્વ વધુ હોઈ શકે?"*

મિત્રો, આજે ખ્રિસ્તી સમાજ, મંડળી તથા ઘરોમાં આવી જ વાહિયાત દલીલો ઘર કરી ગઈ છે. શ્રી. જોસેફભાઈ પરમાર, જેઓ આપણા નાના જેવા સમાજના જાણીતા-માનીતા સેવક છે. તેઓએ સ્વ. રેવ.મનુભાઈ વી. ક્રિશ્ચિયનને શરૂ કરેલું "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"નું કાર્ય બીજી અનેક જવાબદારીઓ વચ્ચે વર્ષોથી ઉપાડી લીધું છે. તેમાં કાર્ય છે, ખર્ચ છે, સમય કાઢવો પડે છે, નિયમિત રીતે 'ન્યુઝ' છપાવતા રહેવું, એ બધું સમાજ માટે કરી રહ્યા છે. કોઈ મહેનતાણું તેમને નથી અપાતું કે કોઈ લેખો મોકલે તો તે માટે પણ મૂલ્યની લેવડદેવડ નથી. છતાં ઘણા ટીકાકારો મેં જાતે બોલતા સાંભળ્યા છે, *"આ ન્યુઝમાં તો ફલાણાં બેન કે ભાઈના જ લેખ આવે છે"* જો કે મેં તો સાંભળીને જવાબ પણ આપ્યો છે કે, *"તમે લખીને મોકલો. એકાદ લેખ તો લખી જુઓ, પછી ટીકા કરો."*

પ્રવૃત્તિ કરનારનો ઉત્સાહ વધારો! આ "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ" ભલે નાનું હોય, પણ ઘણા લોકો એ મેળવવા રાહ જોતા હોય છે. શા માટે? મને લાગે છે, લોકોને કંઈક તો તે 'ન્યુઝ લેટર' ધ્વારા પ્રાપ્ત જરૂર થાય છે. ટીકા કરવાને બદલે માર્ગદર્શન આપો, ક્યાં કઈ રીતે સુધારા-વધારા કરાય, એ સૂચનો આપો. કંઈ નહિ તો એકવાર 'ન્યુઝ લેટર'ની પાંચ પચીસ ઝેરોક્ષ કઢાવવા સ્વફાળો આપો. બીજા મહેનત કરે છે. તેમનો સમય તથા નાણાં જરૂર વપરાય છે એ કાર્ય માટે. 'મેઈલ' કરવા 'પોસ્ટલ સ્ટેમ્પ્સ', વગેરેના ખર્ચ કરવા પડે છે. એ બધું વિચારી તમે કઈ રીતે સદકાર્યને વધુ અસરકારક બનાવી શકો, એ સમજતાં શીખો. વ્યર્થ ટીકાઓ કરવાથી દૂર રહી ટીકાકારો કાર્યશીલ બને એ જરૂરી છે. *"લેવા કરતાં આપવામાં વધારે ધન્યતા છે."* તમારાં 'ટેલેન્ટ'- કાર્યકુશળતા આપતાં શીખો!

**બાઈબલ સ્ટડી--જુલાઈ-ઑગસ્ટ-2012ના સાચા જવાબો:-**

**પ્રશ્ન ૧ના જવાબો- (૧)** મુસા (ગણના ૧૨:૩) **(૨)** મુસા, યહોવાહનું (ગણના- ૭,૮) **(૩)** મરકીથી, તારાથી (ગણના- ૧૪:૧૧) **(૪)** પાપ, પાપ (ગણના- ૩૨:૨૩) **(૫)** છ, મનુષ્યઘાતક, બેંતાલીસ (ગણના- ૩૫:૬)

**પ્રશ્ન ૨ના જવાબો- (૧)** લાબાને એલીએઝેરને કહ્યું (ઉત્પતિ- ૨૪:૩૧) **(૨)** યહોવાહે રીબકાને કહ્યું (ઉત્પતિ- ૨૫:૨૩) **(3)** લાબાને યાકુબને કહ્યું (ઉત્પતિ- ૩૧:૪૩) **(૪)** યાકુબે એસાવને કહ્યું (ઉત્પતિ- ૩૩:૧૦) **(૫)** યાકુબના દીકરાઓએ શખેમ તથા તેના પિતા હામોરને કહ્યું (ઉત્પતિ૩૪:-૧૭)

**બાઈબલ સ્ટડી--જુલાઈ-ઑગસ્ટ-2012ના સાચા જવાબો આપનાર વિજેતા:-**

૧) કુમુદિની સોલંકી-કનેક્ટિકટ ૨) સ્ટેલ્લા પરમાર-નોર્થ બર્ગન ૩) વેલેન્ટિના પરમાર-ન્યુ જર્સી ૪) વીરબાળા ક્રિશ્ચિયન-ન્યુ જર્સી ૫) માગીબેન ક્રિસ્ટી-ફ્લોરીડા ૬) ભાનુ ક્રિસ્ટી-કેલિફોર્નિયા ૭) દયાબેન પરમાર-કેલિફોર્નિયા **બાઈબલ સ્ટડીના** વિજેતાઓને ACN હાર્દિક અભિનંદન પાઠવે છે. વિજેતાઓ "બાઈબલ" વાચન ધ્વારા પ્રભુના સાનિધ્યમાં રહેવાની ઉમદા તક સાથે આધ્યાત્મિક લાભ પણ મેળવે છે.

**બાઈબલ સ્ટડી--સપ્ટેમ્બર-ઑક્ટોબર -2012ના પ્રશ્નો:-વિભાગ ૧**. માથ્થી, લૂક, યોહાનની સુવાર્તા અને ૧ શમૂએલને આધારે રેફરન્સ સહિત નીચેના પ્રશ્નોના જવાબ આપો; **(૧)** કોનો કાન, કોણે તલવારના ઝાટકે કાપી નાખ્યો?

**(૨)** યોહાન બાપ્તિસ્મી કઈ ચોક્કસ જગ્યાએ બાપ્તિસ્મા આપતો હતો, જ્યાં પાણી ઘણું હતું? **(૩)** ઝબદીના દીકરા યાકુબ તથા યોહાનની અટક ઈસુએ કઈ પાડી? એનો અર્થ શો હતો? **(૪)** પ્રભુ ઈસુના ભાઈઓનાં નામ આપો. **(૫)** બાપ્તિસ્મા આપ્યા બાદ પ્રભુ ઈસુનું પરીક્ષણ કઈ કઈ જગ્યાએ થયું? **(૬)** યોહાન બાપ્તિસ્માનું માથુ કથરોટમાં કોણે માગ્યું? **(૭)** યિસાઈને કેટલા દીકરા હતા? તેમાં બીજા અને છેલ્લા દીકરાનાં નામ આપો. **(૮)** જીવતા દેવના સૈન્યનો કોણે તિરસ્કાર કર્યો? અને તેનું પરિણામ શું આવ્યું? **(૯)** વળી આ સર્વ સમુદાય જાણે કે તલવાર કે બરછી વડે યહોવાહ બચાવ કરતો નથી કેમકે, લડાઈ તો યહોવાહની છે, ને તે તમને અમારા હાથમાં સોંપી દેશે, કોણ બોલ્યું? **(૧૦)** દોએક અદોમી કોણ હતો?

**વિભાગ ૨. નીચે આપેલા સવાલોના જવાબ ઉત્પતિ તથા ૧-૨ શમૂએલને આધારે આપો; (૧)** કોને કોને માટે કહેવાયું, *"તેનું હૈયું બહુ થરથરવા લાગ્યું"* કારણો આપો.

**(૨)** કોને પંદર દીકરા અને વીસ ચાકર હતા? **(૩)** શાઉલ રાજાના મરણ પછી કોણ એની જગ્યાએ રાજા થયો? **(૪)** ઈબ્રાહીમની સ્ત્રી સારાહ કેટલાં વર્ષ જીવી? અને ઈબ્રાહીમ કેટલાં વર્ષ જીવ્યો? **(૫)** પરાત્પર યાજક કોને માટે રોટલી અને દ્રાક્ષારસ લાવ્યો? એ યાજકનું નામ શું હતું? **(૬)** અદોમના નામનો અર્થ અને એ કોનું નામ હતું? તે જણાવો. **(૭)** એલી યાજક કેટલી ઉંમરે અને કેવી રીતે મરણ પામ્યો?

**(૮)** સારાહના મરણ પછી ઈબ્રાહીમની સ્ત્રી કોણ થઈ?

---

* "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"ને દાન આપનાર નીચેના દાતાઓનો હાર્દિક આભાર!:

**૧.** સેમ્સન મેકવાને ગયા મહિને આપેલ $25.00 દાન જે $20/00 પ્રસિધ્ધ થયા બદલ ક્ષમાયાચના! **૨.** વીરબાળા ક્રિશ્ચિયન $20.00 ન્યુ જર્સી.

**3.** આનંદ ગામડિયા $20.00 એડિસન, ન્યુ જર્સી

**૪.** ચંદ્રકાન્ત ક્રિસ્ટી-કેલિફોર્નિયા તરફથી ૯ સ્ટેમ્પ્સ.

---

* National Center for Padre Pio, 111 Barto Road, Barto, PA 19504 એક પવિત્ર યાત્રાસ્થળ તરીકે ખૂબ જાણીતું છે. સપ્ટેમ્બરની ૨૩, ૨૦૧૨ સંત પાદરે પીઓની ૪૪મી પુણ્યતિથિ નિમિત્તે તા. ૨૨ને શનિવારના રોજ "ગુજરાતી કેથલિક સમાજ ઓફ યુએસએ"ના ઉપક્રમે યાત્રાપ્રવાસ યોજવામાં આવ્યો હતો. સમાજનાં ૧૦ કુટુંબના કુલ મળીને ૨૫ જેટલા શ્રધ્ધાળુઓએ (બાળકો સહિત) અતિ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શરૂઆતમાં શ્રી. શાંતિલાલ પરમારે બધાને સંત વિશેની માહિતી આપી હતી, જેવી કે તેમનો જન્મ, કાપુચીન સંઘમાં જોડાવું અને સંઘર્ષ, **બંને હાથમાંથી લોહીની ટશરો ફૂટવી,** સંઘમાંથી હકાલપટ્ટી, ફરીથી સંઘમાં સ્વીકારની શરતો, ૧૯૬૮મા મરણ અને ૨૦૦૨મા વડા ધર્મગુરુ જોન પાઉલ બીજા દ્વારા સંત થવાની જાહેરાત વગેરે. શ્રી કેતન ક્રિશ્ચિયને, શ્રીમતી કાલાન્દ્રા વિષે માહિતી આપી કે જેમણે આ કેન્દ્રની સ્થાપનામાં કેવો ભાવ ભજવ્યો અને સંતે તેમની દીકરીને સાજાપણું બક્ષ્યું તેનો ચિતાર આપ્યો. સહુ નાના ચેપલમાં ભક્તિભાવપૂર્વક સંતના મોટા કદના પૂતળાના દર્શન કર્યા અને પોતાની અરજો રજૂ કરી અને ત્યારબાદ સંતના મોજાને ભક્તિભાવપૂર્વક સ્પર્શ કરી અંગત પ્રાર્થના કરી. ત્યારબાદ આધ્યાત્મિક કેન્દ્રમાં ફાધર ડેવિડ વિલતોનનું સંબોધન ચાલતું જ હતું. તેમના બોધમાં દુનિયાનો ઉધ્ધાર દીનતા, દીનતા અને માત્ર દીનતાથી જ થાય તેની ઉપર ખાસ ભાર મૂક્યો. ત્યારબાદ સહુ આર્ક એન્જલ સંત માઈકલના સરઘસમાં જોડાયા. લગભગ ૫૦૦-૬૦૦ જેટલા જાત્રળુઓએ આ સરઘસમાં ભાગ લીધો. સરઘસમાં કેટલાક ઈટાલિયન અમેરિકન, આફ્રિકન અમેરિકન, વ્હાઈટ અમેરિકન, સ્પેનિશ અને ચીનના લોકો હાથમાં બેનરો લઈને ચાલતા હતા. અમે "ગુ. કે. સમાજ ઓફ યુએસએ"ના સભ્યોએ *"એક કુટુંબ બનાવો સહુનું"* ગીત સમૂહમાં ઉપાડ્યું અને સુંદર રીતે ગાયું. ત્યારબાદ ગુજરાતી/અંગ્રેજીમાં ગુલાબમાળાના દસકા બોલ્યા. સરઘસ પૂરું થતા બપોરનો એક વાગી ગયો. જમવાની બેઠક વ્યવસ્થા કેન્દ્ર પર પિક્નિક ટેબલોથી સજ્જ મોટા ગઝીબો નીચે હતી. દરેક કુટુંબ ઘરેથી તૈયાર કરી લાવેલા વાનગીઓ અને ફળફળાદિ વગેરે એકબીજા સાથે વહેંચીને સમૂહજમણની મજા માણી તૃપ્ત થયા.

'સ્મારકગૃહ'માં સંતના જન્મથી મૃત્યુ સુધીની જીવનયાત્રાનો આખો ઈતિહાસ આપેલો છે. તેઓ કેવી રીતે રહેતા, જે વસ્તુઓ દૈનિક જીવનમાં અને ધાર્મિક જીવનમાં વાપરતા, કઈ કાર વાપરતા તે આ સંગ્રહસ્થાનમાં છે. **ઊડીને આંખે વળગે તેવું સંતના હાથોમાંથી જે લોહીની ટશરો ફૂટતી અને તેને જે રૂમાલથી લૂછતાં તે લોહીના ડાઘા સાથે સાચવેલ છે.** સંતે પહેરેલાં ઝભ્ભા અને અન્ય વસ્ત્રો તથા રોજબરોજ વપરાશમાં લેવાતી વસ્તુઓ છે. સંત ઘોષિત કરવાની પ્રક્રિયામાં મદદરૂપ થતી કેવી ચમત્કારિક નિશાનીઓ કઈ હતી તે દર્શાવતી ૧૭ મિનિટની ફિલ્મ સહુએ નિહાળી. છેલ્લે ગિફ્ટ શોપમાંથી યાદગીરીરૂપે રોઝરી, ફ્રીઝ મેગ્નેટ, છબીઓ, કી-ચેન, પૂતળા વગેરીની ખરીદી કરી બહાર નીકળ્યા. સવારના ૧૧થી સાંજના ૪:૩૦ સુધી પવિત્ર યાત્રાધામની સંગતમાં શાંતિ અને શ્રધ્ધાનો અનુભવ થયો. સમાજના પ્રમુખશ્રી શાંતિલાલ પરમારના યાત્રા-પ્રવાસ આયોજનને સૌએ બિરદાવ્યું. દર વર્ષે સપ્ટેમ્બરના 'ત્રીજા વીકએન્ડ'માં આ યાત્રાધામનો પ્રવાસ યોજવાની સૌએ સંમતિ દર્શાવી. બધાંને હેમખેમ લાવેલા એ જ રીતે પાછાં હેમ-ખેમ ઘરે પહોંચાડે એવી પ્રભુ-પ્રાર્થના સાથે બધાંએ પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું.

---

* સૌ જાણે છે તેમ Medicare કે Medicaid ના લાભાર્થીઓ Part D-Priscription Drug Program હેઠળ પોતાના ડોક્ટરે ભલામણ કરેલી દવાઓ મેળવી શકે છે. લાભાર્થીઓને Part D બજારની સરકારમાન્ય એજન્સી મારફતે દવાઓ મળે છે. પોતે પસંદ કરેલી Part Dની એજન્સી વર્ષમાં એક વખત બદલી શકાય છે. દર વર્ષે **ઑક્ટોબર 15થી ડિસેમ્બર 7 સુધીના સમયગાળા દરમિયાન** Part Dની **એજન્સી બદલી શકાય છે**. જેથી સૌને યાદ રહે કે, પોતાની Part Dની એજન્સીની સેવાઓથી જો અસંતોષ હોય, ડોક્ટરે ભલામણ કરેલી દવાઓ પોતાની એજન્સી પૂરી પાડતી ન હોય, વગેરે કારણોસર Part Dની એજન્સીની બદલવાનો આ "ઓપન પીરિયડ" છે. સરકારમાન્ય જે એજન્સી પોતાને જરૂરી એવી દવાઓ આપી શકતી હોય, તેવી એજન્સી સ્વીકારવાનો આ "ઓપન પીરિયડ" છે, તો સમજીને પોતાની હાલની Part D એજન્સીથી સંતોષ હોય તો બદલવાની જરૂર નથી, છતાં માસિક પ્રિમિયમ ઓછું ચૂકવવું પડે છતાં જરૂરી દવાઓ મળે તેવી એજન્સી બદલવાનો લાભ લઈ શકાય. આ માટે અન્ય એજન્સી સાથે સરખામણી કરીને પોતાના લાભમાં નિર્ણય લઈ શકાય.

* 2013-14માં "એફોર્ડએબલ કેર એક્ટ"નો અમલ શરૂ થશે. છતાં "એફોર્ડએબલ કેર એક્ટ" ચાલુ રહેશે કે બંધ કરાશે તેનો આધાર નવેમ્બરમાં યોજાનાર અમેરિકાના પ્રમુખની ચૂંટણીના પરિણામ ઉપર રહેશે. આ નવો "ઓબામા કેર" તરીકે ઓળખાતો કાયદો 10માંથી 7 અમેરિકનોને ફાયદાકારક જણાય છે. 65 કે તેથી વધુ ઉંમરના 57% નિવૃત્ત અમેરિકનોને બહુ ઉપયોગી જણાતો નથી. 45-60 વર્ષની ઉંમરના 50% કરતાં વધુ અમેરિકનો નવા કાયદાનો વિરોધ કરે છે. ટૂંકમાં "એફોર્ડએબલ કેર એક્ટ"ના ફાયદા-ગેરફાયદા અંગે અલગ અલગ અભિપ્રાયો બહાર પડતા રહે છે. નવેમ્બર 2012ની આખર સુધીમાં "ઓબામા કેર" અંગે સ્પષ્ટ ચિત્ર સામે આવશે.

* જેઓ "મેડિકેર" હેલ્થ ઈન્સ્યોરન્સ"ના લાભાર્થી છે તેઓને ઓક્ટોબર 15, 2012 સુધીમાં "Medicare & you-2013" નામે બૂક ટપાલમાં મળી જશે. આ બૂક ઘણી ઉપયોગી માહિતી સાથે વાંચવા-સમજવા જેવી હોય છે. 2014 ઓક્ટોબર સુધી આ બૂક પોતાના ટેબલ ઉપર હાથવગી મૂકી રાખવી. "Medicare" અંગે ઘણીબધી જરૂરી, જાણવા જેવી, અને તેના ફાયદા લેવા જેવી વિગત-માર્ગદર્શન આ બૂકમાં હોય છે. પોતાનાં જુવાન દીકરી-દીકરાને પણ આ બૂક વાંચવા ભલામણ કરવા જેવી છે! આ બૂકમાં "Medicare"ના લાભાર્થીને હેલ્થ કવરેજ મળવા સંબંધી જરૂરી માહિતી હોય છે. કેટલાક લાભાર્થીઓને એવી માહિતીની જાણ નહિ હોવાથી એવા લાભોથી વંચિત

રહી જાય છે. હવે "Medicare"ના લાભાર્થીએ પોતાને મળનાર હેલ્થ કવરેજ માટે જાગૃત્ત રહેવા "Medicare & you-2013" વાંચી-સમજીને તેના ફાયદા મેળવો.

* ઓક્ટોબર-નવેમ્બર મહિનાઓ ઋતુ પરિવર્તનનો પીરિયડ ગણાય છે. જેની સીનિયર સીટીઝનોના આરોગ્ય ઉપર વિપરીત અસર થતી હોય છે. ખાસ કરીને સમરના ઉગ્ર ઉષ્ણ હવામાનમાંથી શિતળ-ઠંડા હવામાનમાં પ્રવેશવાનો આરંભનો સમય સ્વાસ્થ્ય ઉપર શરદી-તાવ-ખાંસીનો હુમલો કરતો હોય છે. જેથી 55 કે તેથી વધુ ઉંમરની વ્યક્તિએ અને ખાસ તો 65 કે તેથી વધુ ઉંમરના સીનિયર સીટીઝનોએ "ફ્લ્યુ શોટ" લેવાનો આ સમય છે. નવેમ્બર પૂરો થતાં પહેલાં **પોતાના પ્રાયમરી ડોક્ટર પાસે જ "ફ્લ્યુ શોટ" લઈ લેવો.** જેઓ પાસે હેલ્થ ઈન્સ્યોરન્સ કવરેજ ન હોય તેઓ માટે હેલ્થ કેમ્પ કે કોઈ ફાર્મસી કે સંસ્થા ધ્વારા અપાતા "ફ્લ્યુ શોટ" ઉપકારક છે. બાકી "Medicare", Medicaidના લાભાર્થીએ પોતાના 'પ્રાયમરી ડોક્ટર પાસે જ "ફ્લ્યુ શોટ"ની રસી લેવી.

* બ્રુકલીન, ન્યુયોર્કસ્થિત શ્રી..નિત્યાનંદ ઠાકોર તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ પ્રભુ સ્વર્ગવાસી થયા છે. માર્ચ ૨૬, ૧૨૯૦માં જન્મેલા સ્વ. નિત્યાનંદ ઠાકોર, ખ્રિસ્તી કોમ્યુનીટીમાં જાણીતા હતા. બે દીકરા રાજેશ અને નિલેશ સાથે દુ:ખિત પરિવારજનોને પ્રભુ દિલાસો આપે તેવી પ્રાર્થના! -*માહિતી સૌજન્ય: જોયલ મર્ચંટ*

જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર અને **ઓક્ટોબર 2012 વિઝા બુલેટીન**

| ફેમિલિ કેટેગરી | જુલાઈ-12 | ઓગસ્ટ-12 | સપ્ટેમ્બર-12 | **ઓક્ટોબર-12** |
|---|---|---|---|---|
| **F-1** | 08 Jul. 05 | 01 Aug 05 | 01 Oct.-05 | **08 Oct.-05** |
| **F-2 A** | 15 Feb 10 | 15 Mar-10 | 08 May-10 | **01 June-10** |
| **F-2 B** | 01 May 04 | 22 June 04 | 15 Sep.-04 | **15 Sep.-04** |
| **F-3** | 15 Apr 02 | 01 May 02 | 15 May-02 | **22 May-02** |
| **F-4** | 22 Jan 01 | 15 Feb 01 | 08 Mar-01 | **15 Mar.-01** |

**પાછળના ત્રણ મહિનાની વિગત એટલા માટે રજૂ કરી છે કે, પાંચેય કેટેગરી દર માસે આગળ વધે છે કે નહિ? વધે છે તો કેટલી તે સમજીને વિઝા માટે અંદાજ કરી શકાય.**

ઉપરોક્ત કોઠા મુજબ **ઓક્ટોબર -2012ની વિઝાની વિગત** નીચે મુજબ છે:-

**F-1**-અમેરિકન સીટીઝનનાં અપરણિત સંતાનો-**08 October, 2005** ગયા માસથી ફક્ત **7 દિવસ આગળ** વધી, એટલે આ કેટેગરી તદન ધીમી ગણાય.
(યુએસ સીટીઝનનનાં પતિ/પત્ની, માતા/પિતા, અપરણિત સંતાનો આ કેટેગરીમાં)

**F-2 A** ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત** સંતાનો- **01 June, 2010** (ગયા મહિનાથી ફક્ત **23 દિવસ** આગળ ગઈ છે)

**F-2 B**– ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને 21વર્ષથી વધુ ઉંમરનાં **(અપરણિત)** સંતાનો- **15 September, 2004** (ગયા મહિનાથી **આગળ વધી જ નથી.**)

**F-3**–અમેરિકન સીટીઝનનાં **પરણિત** સંતાનો-**22 May, 2002**
(આ કેટેગરી ગયા મહિનાથી **ફક્ત 7 દિવસ આગળ વધી** જે **અતિ ધીમી** છે)

**F-4**–US **સીટીઝનનાં** ભાઈ/બેન, ઓરમાન ભાઈ/બેન-**15 March, 2001**
(ગયા મહિનાથી **ફક્ત 7 દિવસ જ ધીમી આગળ વધી છે**, ખરેખર તો અગાઉ જ્યાં પહોંચી હતી, ત્યાંથી હજી **08 મહિના 11 દિવસ પાછળ** જ છે, તેથી **અતિ ધીમી** છે)

**આ મહિને બધી કેટેગરી તદન ધીમી પડી છે, F-2 B** તો ખસી જ નથી. uscis.gov ઉપર મૂકાયેલી છેલ્લામાં છેલ્લી માહિતી આખરી ગણવી. પોતાનાં બ્લડ રીલેશન-લોહીનાં સગાંની ફાઈલ **એપ્રુવલ તારીખે** ક્યારે પહોંચશે, તે વિઝા બુલેટીનથી જાણી શકાય. ઉપરોક્ત માહિતી વાચકોની વિનંતીથી રજૂ કરાય છે, પોતાનાં **સગાંની વિઝા ફી ચૂકવી હોય તો** બીજાં પેપરોની રાહ જોયા વિના **સ્પોન્સરશીપનાં પેપરો યુએસ વિઝા સેન્ટરમાં મોકલી દેવાં** પણ **વિઝાકોલ આવ્યા બાદ સગાંને મોકલવાં** હિતાવહ રહેશે. બધી ફેમિલિ સંબંધની કેટેગરી સંબંધે પતિ/પત્ની, ભાઈ/બેન, દીકરા-દીકરી, માતા/પિતાની-બધી જ ફાઈલો ચાલુ જ છે. **કોઈપણ બંધ થઈ નથી.**

From:- AMERICAN CHRISTIAN NEWS
Community Paper soliciting your Co-operation
1. I.D. # 11-2917985 August 28, 1988
2. "Gujarati Christian Church"
17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804
Phone # (732) 750-4064

"યુએસ સીટીઝશીપ ગાઈડ"ની **ચોથી આવૃતિ મોટા અક્ષરમાં** ઈંગ્લીશ અને ગુજરાતીમાં તૈયાર કરેલી છે. ગાઈડમાં **બીનજરૂરી વાચનબોજ નથી**, તેથી અમેરિકાનાં **50-પચાસે રાજ્યોમાં** ઘણી લોકપ્રિય છે. આ **ગાઈડ** અને **"ન્યુજર્સી ડ્રાઈવિંગ ગાઈડ"** પણ ઈઝલીન, ન્યુ જર્સીમાં "પટેલ વિડિયો", 'સંગીત", "બુટાલા એમ્પોરિયમ" (ફ્લશિંગ અને ન્યુયોર્ક) અને "ગુજરાત દર્પણ"ની ઓફિસેથી મળે છે. આ ગાઈડના ઉપયોગથી **ઈન્ટરવ્યુમાં સહેલાઈથી પાસ થઈ જવાનો વિશ્વાસ** જાગે છે. $8.00નો ચેક કે મની ઓર્ડર **Josh Foundation** નામે લખીને 45cની **ચાર પોસ્ટ-સ્ટેમ્પ્સ** મૂકી, એક ચિઠ્ઠીમાં નામ, સરનામું અને ફોન નંબર સારા અક્ષરે અંગ્રેજીમાં લખીને-**Josh Foundation, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095** સરનામે મોકલવાથી **10**–દસ દિવસમાં આપને મળી જશે. (આ ચેરીટી સંસ્થા હોઈ, ગાઈડની તમામ આવક દાન-ધર્માદા કાર્યોમાં વપરાય છે, જેથી $8.00ના બદલે ઉદાર દિલે વધુ રકમનો ચેક લખીને "જોશ ફાઉન્ડેશન"ના સેવાયજ્ઞમાં સહભાગી થશોજી! ઘણાખરા ઉદાર દિલે $11-$100 અને તેથી વધુ દાન મોકલે છે, તેવા ઉદાર સખાવતીઓનો "જોશ ફાઉન્ડેડેશન" આભાર માને છે! અને દાતાઓને સુખ, સમૃધ્ધિ અને પ્રગતિ બક્ષે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે! ("ન્યુ જર્સી ડ્રાઈવિંગ ગાઈડ", જે અંગ્રેજી-ગુજરાતીમાં છે, અને હવે મર્યાદિત કોપી બાકી રહી હોઈ *બીજી નવી આવૃત્તિ સુધારા-વધારા સાથે ટૂંકા સમયમાં પ્રસિધ્ધ થશે.)*
પોતાની સમસ્યાઓ માટે **સવારના 10 પહેલાં** અને સાંજના **7 પછી** ફોન કરવો નહિ.

**Most importantly the last sentence)** -*(from e-mail sources)*

There once was a little boy who had a bad temper. His Father gave him a bag of nails and told him that every time he lost his temper, he must hammer a nail into the back of the fence. The first day the boy had driven 37 nails into the fence. Over the next few weeks, as he learned to control his anger, the number of nails hammered daily gradually dwindled down. He discovered it was easier to hold his temper than to drive those nails into the fence. Finally the day came when the boy didn't lose his temper at all. He told his father about it and the father suggested that the boy now pull out one nail for each day that he was able to hold his temper.

The days passed and the young boy was finally able to tell his father that all the nails were gone. The father took his son by the hand and led him to the fence. He said, 'You have done well, my son, but **look at the holes in the fence**. The fence will never be the same. When you say things in anger, they leave a scar just like this one. You can put a knife in a man and draw it out. But it won't matter how many times you say I'm sorry, the wound will still be there. A verbal wound is as bad as a physical one. Remember that **family and friends are very rare jewels indeed.** They make you smile and encourage you to succeed; They lend an ear, they share words of praise and **they always want to open their hearts to us.**

Show your family & friends how much you **love** and **care**.

**To,**